ભારત-બાંગ્લાદેશ સરહદ પર ફેંસિંગનું બાંધકામ

13 જાન્યુઆરી, 2025

ભારતમાં બાંગ્લાદેશના કાર્યકારી ઉચ્ચ આયુક્ત શ્રી મોહમ્મદ નૂરલ ઇસ્લામને આજે, 13 જાન્યુઆરી, 2025 ના રોજ બપોરે 2:00 વાગે MEA દ્વારા સાઉથ બ્લૉકમાં બોલાવવામાં આવ્યા હતા.

2. એ જણાવવામાં આવ્યું હતું કે, સરહદ પરનાં સુરક્ષા પગલાં, જેમાં ફેંસિંગનો સમાવેશ થાય છે, બાબતે ભારતે બંને સરકારો વચ્ચે તેમજ સીમા સુરક્ષા બળ અને બૉર્ડર ગાર્ડ બાંગ્લાદેશ વચ્ચે થયેલ બધા જ પ્રોટોકોલ અને કરારોનું પાલન કર્યું છે.

3. ભારતે સીમાપાર ગુનાહિત પ્રવૃત્તિઓ, દાણચોરી, અપરાધીઓની અવરજવર અને માનવ તસ્કરી જેવા પડકારોનો અસરકારક રીતે સામનો કરી અપરાધમુક્ત સીમા સુનિશ્ચિત કરવાની પોતાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. કાંટાળા તારની વાડ, સરહદ પર લાઇટિંગ, ટેક્નિકલ ઉપકરણોની સ્થાપના અને ઢોરની વાડ એ સરહદને સુરક્ષિત કરવાના પગલાં છે.

4. ભારતે અપેક્ષા વ્યક્ત કરી કે બાંગ્લાદેશ દ્વારા અગાઉની બધી સમજૂતીઓનો અમલ કરવામાં આવશે અને સીમા પારના ગુનાઓનો સામનો કરવા માટે સહકારી અભિગમ અપનાવવામાં આવશે.

નવી દિલ્હી

13 જાન્યુઆરી, 2025